For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ખોટા લેટરપેડ મોકલી બેંક ખાતામાંથી RTGS કરાવ્યા

ડિજિટલ અરેસ્ટ કરી દિવાળીપુરા ખાતે રહેતા માતા-પુત્ર સાથે રૂ.૧.૫૩ કરોડની છેતરપિંડી

મુંબઈ પોલીસ અને CBIના અધિકારી બની આરોપીઓએ મની લોન્ડરિંગ કેસમાં ધરપકડનો ડર બતાવી રૂપિયા પડાવ્યા,

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

સાયબર ઠગોએ મુંબઈ પોલીસ અને CBIના અધિકારી બની મની લોન્ડરિંગના કેસમાં ધરપકડ કરવાની ધમકી આપી દિવાળીપુરા વિસ્તારમાં રહેતા માતા-પુત્રને ડિજિટલ અરેસ્ટ કરી વિશ્વાસમાં લઈ રૂ.1.53 કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. આરોપીઓએ સતત વીડિયો કોલ ચાલુ રાખવા, ઘરની બહાર જતાં-આવતાં જાણ કરવા તેમજ આવતા તમામ ફોનની માહિતી આપવા સૂચના આપી હતી. ત્યારબાદ અલગ-અલગ બેંક ખાતાઓમાં RTGS અને અન્ય ઓનલાઈન માધ્યમથી નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા.

દિવાળીપુરા વિસ્તારમાં રહેતા 59 વર્ષીય દેવેન્દ્ર રમેશચંદ્ર ડીમરીની માતા શંકુતલા ડીમરીના મોબાઇલ પર તા.31 જુલાઈના રોજ અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે SBIમાંથી બોલતો હોવાનું કહી તેમના પતિના નામે મુંબઈથી ક્રેડિટ કાર્ડ લેવાયું હોવાનું અને તેમાંથી રૂ.1 લાખનું ટ્રાન્ઝેક્શન થયું હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ વાતચીત દરમિયાન દેવેન્દ્રનો મોબાઈલ નંબર મેળવી આરોપીઓએ વોટ્સએપ પર સંપર્ક કર્યો હતો.

આરોપીઓએ પોતાને સુનિલ કુમાર, સબ-ઈન્સ્પેક્ટર, મુંબઈ પોલીસ' તરીકે ઓળખાવી પોલીસ ડ્રેસમાં વીડિયો કોલ કર્યો હતો. ત્યારબાદ CBIના લેટરપેડ અને સહી-સિક્કાવાળા ખોટા દસ્તાવેજો મોકલી મની લોન્ડરિંગનો કેસ હોવાનું કહી ધરપકડનો ભય ઉભો કર્યો હતો. આરોપીઓએ બેંક ખાતા, મ્યુચ્યુઅલ ફંડ, FD, મકાન અને અન્ય સંપત્તિની વિગતો પણ મેળવી હતી.

તા.3 ઓગસ્ટથી 12 ઓગસ્ટ દરમિયાન આરોપીઓએ અલગ-અલગ ખાતામાં RTGS અને UPI મારફતે રૂ.1.53 કરોડ ટ્રાન્સફર કરાવ્યા હતા. બેંકમાં ફોર્મ ભરાવી તેનો ફોટો મોકલાવવા અને UTR નંબર મળે ત્યાં સુધી બેંકમાં જ બેસી રહેવા પણ જણાવાયું હતું.

બાદમાં આરોપીઓએ મકાન પર લોન લઈ વધુ રૂ.30 લાખની વ્યવસ્થા કરવા દબાણ કર્યું હતું. જોકે, પુત્ર અને તેમની માતાને શંકા જતા તેમણે ઓળખીતા મહેતા અંકલને સમગ્ર હકીકત જણાવી હતી. તેમણે આ ડિજિટલ અરેસ્ટ સાયબર ફ્રોડ હોવાનું સમજાવતાં તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન પર જાણ કરવામાં આવી હતી. સાયબર ક્રાઇમ પોલીસે પોલીસે ફરિયાદના આધારે આરોપીઓનુ લોકેશન મેળવવાની તજવીજ હાથ ધરી છે.

બેંક કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી વિશ્વાસ કેળવ્યો

ક્રેડિટ કાર્ડની લિમિટ વધારી આપવાના બહાને તરસાલીના વેપારી સાથે રૂ.૧૮.૮૭ લાખની ઠગાઈ

OTP મેળવી ખાતામાંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લીધા

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

મકરપુરામાં લાકડાના વેપાર સાથે સંકળાયેલા 37 વર્ષીય વેપારીને ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની લાલચ આપી સાયબર ઠગોએ રૂ.18.87 લાખ પડાવી લીધા હતા. છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઠગોએ પોતે એક્સિસ બેંક, મુંબઈના કર્મચારી સીતારામ સૈની હોવાની ઓળખ આપી વેપારીને વિશ્વાસમાં લીધો હતો.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં પાટીદાર સોસાયટીમાં પથિક કિશોરભાઈ પટેલ તા.31 જુલાઈના રોજ વેપારીને અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની ઓફર આપી હતી. ત્યારબાદ વોટ્સએપ પર એક લિંક મોકલી રૂ.4,500 કેશબેકની ઓફર હોવાનું જણાવી લિંક ખોલાવી હતી. વેપારીએ લિંક મારફતે બેંકની વિગતો ભરી હતી.

બીજા દિવસે ઠગે વેપારીને ફોન કરી રૂ.2 લાખ સુધીની ક્રેડિટ લિમિટ વધારી આપવાની વાત કરી હતી. આ માટે ડેબિટ કાર્ડની વિગતો તથા OTP માંગતા વેપારીએ વિશ્વાસમાં આવી માહિતી આપી દીધી હતી. બાદમાં બેંક ખાતું બ્લોક થયું હોવાનું જણાવી કથિત કસ્ટમર કેર નંબર પર ફોન કરાવ્યો હતો અને વધુ માહિતી મેળવી હતી.

તા.3 ઓગસ્ટે વેપારીએ બેંક એપમાં તપાસ કરતાં રૂ.3 લાખનું અજાણ્યું ટ્રાન્ઝેક્શન થયેલું હોવાનું જણાયું હતું. ત્યારબાદ તપાસ કરતાં તા.1થી 6 ઓગસ્ટ દરમિયાન અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.18.87 લાખ ઉપાડી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત વેપારીની બે FD પણ તેની જાણ બહાર તોડવામાં આવી હતી અને ઠગોએ અલગ-અલગ ખાતાઓમાં રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાના અહેસાસ થતાં વેપારીએ બેંકને જાણ કરી તમામ ખાતા અને ડેબિટ કાર્ડ બ્લોક કરાવ્યા હતા. વારંવાર ફોન કરવા છતાં ફોન પણ બંધ આવતો હોય વેપારી દ્વારા તા.7 ઓગસ્ટે 1930 સાયબર હેલ્પલાઈન પર પણ ફરિયાદ કરવામાં આવી હતી.

વેપારીએ સાયબર છેતરપિંડીમાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ નંબરો, વોટ્સએપ એકાઉન્ટ, શંકાસ્પદ લિંક, બેંક ખાતાઓ અને સંકળાયેલા તમામ વ્યક્તિઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

રાવપુરામાં લાંબા સમયથી બંધ કારમાં અચાનક આગથી ભારે અફરાતફરી

સદનસીબે કોઈ જાનહાનિ નહીં, આગના કારણે કાર ખાખ; થોડા સમય માટે ટ્રાફિકજામ સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરના મધ્ય વિસ્તારમાં આવેલા વ્યસ્ત રાવપુરામાં રવિવારે બપોરે રોડની બાજુમાં લાંબા સમયથી બંધ પડેલી કારમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં ભારે અફરાતફરી મચી હતી. ખાદી ગ્રામોદ્યોગ અને પ્રાદેશિક માહિતી કચેરી નજીક બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, ફાયર બ્રિગેડની સમયસર કામગીરીને કારણે આગ વધુ ફેલાય તે પહેલાં કાબૂ મેળવી લેવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, ખાદી ગ્રામોદ્યોગ અને પ્રાદેશિક માહિતી કચેરી નજીક રોડની બાજુમાં એક કાર લાંબા સમયથી બંધ હાલતમાં પાર્ક કરાયેલી હતી. બપોરના સમયે અચાનક કારમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં કાર આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને રાહદારીઓમાં દોડધામ મચી હતી. ઘટનાની જાણ વડોદરા ફાયર બ્રિગેડને કરવામાં આવતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ વોટર મોનિટર્સ દ્વારા પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનામાં કારને મોટું નુકસાન થયું હતું.

સદનસીબે આગ લાગી ત્યારે કારમાં કે તેની આસપાસ કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાનિ થઈ નહોતી. જોકે, ધમધમતા વિસ્તારમાં આગની ઘટના જોવા મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ જતાં થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. ટ્રાફિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

વડોદરાના ૪ કેન્દ્રો પર ૧૫૦૦ સહિત ગુજરાતના ૧૫ હજાર ઉમેદવારોએ આપી પરીક્ષા

NEET PG 2026 પરીક્ષાનું પેપર મધ્યમથી અઘરું રહ્યું : ટાઈમ મેનેજમેન્ટ બન્યું સૌથી મોટું પડકાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

મેડિકલ ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે NEET-PG 2026ની પરીક્ષા યોજાઈ હતી. વડોદરાના ચાર પરીક્ષા કેન્દ્રો પર આશરે 1,500 સહિત સમગ્ર ગુજરાતમાંથી લગભગ 15 હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સવારે 9થી બપોરે 12.30 વાગ્યા સુધી કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) મોડમાં પરીક્ષા લેવાઈ હતી.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, પેપર ઓવરઓલ મધ્યમથી અઘરું રહ્યું હતું. આ વખતે પરીક્ષાના પેટર્નમાં મોટો ફેરફાર કરાયો હતો. અગાઉના 200ની જગ્યાએ 180 MCQ પૂછાયા હતા, જેને પાંચ ટાઈમ-બાઉન્ડ વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા. દરેક વિભાગ માટે 42 મિનિટનો સમય અપાયો હતો. એક વિભાગ પૂર્ણ થયા બાદ તેમાં પાછા જઈ શકાતું ન હોવાથી ટાઈમ મેનેજમેન્ટ સૌથી મોટો પડકાર બન્યો હતો.

પેપરમાં 65 ટકાથી વધુ પ્રશ્નો ક્લિનિકલ વિગ્નેટ્સ આધારિત હતા. ગાયનેકોલોજી, ફાર્માકોલોજી, સર્જરી અને ઓપ્થેલ્મોલોજીના પ્રશ્નોનું પ્રમાણ વધુ રહ્યું હતું. એક્સ-રે અને સીટી સ્કેન આધારિત ઈમેજ બેઝ્ડ પ્રશ્નો પણ પૂછાયા હતા. વિકલ્પો એકબીજાને મળતા આવતા હોવાથી વિદ્યાર્થીઓ મૂંઝાયા હતા.

પેપર લીક અને ગેરરીતિ અટકાવવા કેન્દ્રો પર આધાર આધારિત બાયોમેટ્રિક વેરિફિકેશન, ફેસ રેકગ્નિશન અને ડિજિટલ સિગ્નલ જામર સહિતની કડક સુરક્ષા વ્યવસ્થા કરાઈ હતી. વડોદરામાં પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. નિષ્ણાતોના મતે160થી 170 પ્રશ્નોનો સાચો પ્રયાસ સારો ગણાશે અને કટઓફમાં મોટો ઉછાળો આવવાની શક્યતા ઓછી છે.

કોન્સેપ્ટ આધારિત તૈયારી કરનાર માટે સરળ

NEET-PGનું પેપર ઓવરઓલ મધ્યમથી મધ્યમ-અઘરું રહ્યું હતું. ક્લિનિકલ અને કોન્સેપ્ટ બેઝ્ડ પ્રશ્નો વધુ હોવાથી મેડિસિન, સર્જરી, OBGY, પેથોલોજી અને ફાર્માકોલોજીમાં વિદ્યાર્થીઓની કસોટી થઈ. નવા સેક્શન-વાઈઝ ટાઈમ પેટર્નને કારણે ટાઈમ મેનેજમેન્ટ મોટો પડકાર રહ્યો. સ્પીડ સાથે એક્યુરસી જાળવવી જરૂરી બની. કોન્સેપ્ટથી તૈયારી કરનાર માટે પેપર મેનેજેબલ, જ્યારે માત્ર ફેક્ટ્સ આધારિત તૈયારી કરનાર માટે ચેલેન્જિંગ રહ્યું. કટઓફમાં મોટો ઉછાળો આવવાની શક્યતા ઓછી છે. - **રવિ વઢવાણા,** એજ્યુકેશન એક્સપર્ટ

પેપર ટ્વિસ્ટ સાથે પૂછાયું,50 ઈમેજ બેઝ પ્રશ્નો

NEET-PGનું પેપર મોડરેટથી ટફ રહ્યું હતું. 180 પ્રશ્નોમાં મોટાભાગના મધ્યમથી અઘરા હતા. સીધા પ્રશ્નો નહોતા અને ટ્રીટમેન્ટ-ઇન્વેસ્ટિગેશન આધારિત પ્રશ્નો વધુ હતા. આશરે 50 ઈમેજ બેઝ્ડ પ્રશ્નો સાથે ગાયનેકોલોજી અને ફાર્માકોલોજીનું પ્રભુત્વ રહ્યું. નેગેટિવ માર્કિંગનું ધ્યાન રાખનારને ફાયદો થશે. ઓવરઓલ પેપરને 10માંથી 6-7 માર્ક્સ આપી શકાય.

- **નિરવ જોષી,** એજ્યુકેશન એક્સપર્ટ

છાણી જકાતનાકા પાસે યુવકની શંકાસ્પદ હાલતનો વીડિયો વાયરલ

રજવાડી ચા નજીક કલાકો સુધી યુવક શંકાસ્પદ હાલતમાં ઊભો રહ્યો હોવાનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

સંસ્કારી નગરી વડોદરાના છાણી જકાતનાકા વિસ્તારમાં રજવાડી ચા નજીક એક યુવક કલાકો સુધી શંકાસ્પદ હાલતમાં ઊભો રહ્યો હોવાની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચર્ચા જાગી છે. પ્રાથમિક દાવા મુજબ યુવક નશાની હાલતમાં હોવાનું કહેવાઈ રહ્યું છે. જોકે, આ વીડિયોની હજુ સુધી કોઈ સત્તાવાર કે સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

વાયરલ વીડિયોને પગલે શહેરમાં નશાના ઈન્જેક્શન સહિતના ઘાતક નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ અને ઉપયોગ અંગે ફરી સવાલો ઉઠ્યા છે. જાહેર સ્થળે યુવક શંકાસ્પદ હાલતમાં જોવા મળતાં સ્થાનિકોમાં ચિંતા સાથે નશાના કારોબાર સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે જો શહેરમાં નશીલા પદાર્થોનું ગેરકાયદે વેચાણ થઈ રહ્યું હોય તો આવા પદાર્થો યુવાઓ સુધી કેવી રીતે પહોંચી રહ્યા છે અને તેની પાછળના તત્વો સામે કાર્યવાહી કેમ થતી નથી? ખાસ કરીને યુવાધનને નશાની લતથી બચાવવા પોલીસ દ્વારા વધુ અસરકારક પગલાં ભરવાની જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે. જોકે, યુવક ખરેખર નશાની હાલતમાં હતો કે અન્ય કોઈ કારણસર આવી સ્થિતિમાં હતો તે સ્પષ્ટ નથી. સમગ્ર મામલાની હકીકત પોલીસ તપાસ બાદ જ બહાર આવી શકે છે.

રજૂઆતો છતાં અધિકારીઓ પેટનું પાણી પણ હલાવતા નથી

માંજલપુરમાં મનપાની ઘોર બેદરકારી રસ્તા, પાણી અને સફાઈ મુદ્દે રહીશોમાં રોષ

અકસ્માત અને રોગચાળાનો તોળાતો ભય

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના મહત્વના વિસ્તાર માંજલપુરમાં છેલ્લા કેટલાક સમયથી વિકાસ કાર્યો ધીમી ગતિએ ચાલતા હોવાના આક્ષેપો સાથે સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. પૂર્વ મંત્રી અને વરિષ્ઠ આગેવાન સ્વ. યોગેશ પટેલના અવસાન બાદ પાલિકા તંત્ર દ્વારા વિસ્તારની ઉપેક્ષા કરવામાં આવી રહી હોવાના આક્ષેપો સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, માંજલપુરના અનેક વિસ્તારોમાં **પીવાના પાણીની સમસ્યા ગંભીર બની છે.** ચોમાસા દરમિયાન પણ પૂરતો પાણી પુરવઠો મળતો નથી, જ્યારે કેટલાક વિસ્તારોમાં દૂષિત પાણી આવતું હોવાની ફરિયાદો છે. જેના કારણે પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત સોસાયટીઓ અને મુખ્ય માર્ગોની આસપાસ કચરાના ઢગલા અને ગંદકીના કારણે પણ લોકો પરેશાન છે. પાલિકાના સફાઈ અને આરોગ્ય વિભાગ દ્વારા પૂરતી કામગીરી કરવામાં આવતી ન હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

બીજી તરફ સિટી ઇજનેર અને માર્ગ-મકાન વિભાગ દ્વારા હાથ ધરાયેલા રસ્તાના કામો પણ અધૂરા હોવાનું જણાવાય છે. અડધા ખોદાયેલા રસ્તા અને અધૂરા ડામરકામને કારણે વાહનચાલકો તથા રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે અને અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. યોગ્ય આયોજન વિના શરૂ કરાયેલા કામો લાંબા સમયથી પૂર્ણ ન થતાં હાલાકી વધી છે.

સ્થાનિકોના કહેવા મુજબ, અગાઉ રજૂઆત થતાં જ અધિકારીઓ સ્થળ પર પહોંચી કામગીરી કરાવતા હતા. જોકે હવે વારંવાર રજૂઆતો છતાં કોઈ ઉકેલ આવતો નથી. પાણી, સફાઈ અને રસ્તાના પ્રશ્નો તાત્કાલિક ઉકેલવાની માંગ સાથે સ્થાનિકોએ ટૂંક સમયમાં કામગીરી નહીં થાય તો પાલિકા કચેરી ખાતે ઉગ્ર વિરોધ અને આંદોલનની ચીમકી આપી છે.

નવાયાર્ડમાં ૧૦ વર્ષની બાળકી સાથે છેડતીનો આક્ષેપ

અજાણ્યા શખ્સ સામે POCSO હેઠળ ગુનો, CCTVના આધારે તપાસ શરૂ

ફરિયાદ પરત ખેંચવા દબાણ કરાતું હોવાનો પિતાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરના ફતેગંજ પોલીસ મથક વિસ્તારમાં આવેલા નવાયાર્ડ વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. ખુલ્લા મેદાનમાં પાર્ક કરેલા ટેમ્પા પાછળ એકલી પડેલી 10 વર્ષની માસૂમ બાળકી સાથે એક અજાણ્યા શખ્સે છેડતી કરી હોવાનો ગંભીર આક્ષેપ પિતાએ લગાવ્યો હતો.

રાત્રિના સમયે ઘર નજીકથી સામાન લેવા ગયેલી બાળકીને આરોપીએ રસ્તામાં રોકી તેનો હાથ પકડી અડપલાં કર્યા હતા અને બીજા દિવસે ફરી મળવા માટે ડરાવી-ધમકાવી હતી. આ ઘટનાથી બાળકી સહિત તેનો આખો પરિવાર ભયના ઓથાર હેઠળ આવી ગયો છે અને વિસ્તારમાં પણ ભારે રોષ ફેલાયો છે. પ્રાપ્ત વિગત મુજબ, બાળકી રાત્રે મેગીનો મસાલો લેવા માટે ઘર બહાર નીકળી હતી, ત્યારે મેદાનમાં આ હીન કૃત્ય આચરવામાં આવ્યું હતું. ઘરે પરત ફર્યા બાદ બાળકીએ પરિવારને સમગ્ર હકીકત જણાવતા પરિવારે તાત્કાલિક ફતેગંજ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે બાળકીના નિવેદન અને પરિવારની ફરિયાદના આધારે અજાણ્યા ઈસમ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ પીડિતાના પિતા જુબેર ખાન નાસિર ખાને આક્ષેપ કર્યો છે કે, આ મામલે ફરિયાદ પરત ખેંચવા માટે તેમના પર દબાણ લાવવામાં આવી રહ્યું છે. તેમણે પોલીસ પ્રશાસન પાસે પોતાની દીકરી માટે ન્યાય અને પરિવાર માટે પોલીસ રક્ષણની માંગ કરી છે. હાલ ફતેગંજ પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

માંજલપુર પેટા ચૂંટણી સમયે વિવાદ બાદ ગ્રીન નેટથી ઢંકાયેલી પ્રતિમા હજુય યથાવત

આચારસંહિતા પૂરી છતાં લાલબાગ બ્રિજનું કમળ હજુય 'ઢંકાયેલું' જ છે



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના લાલબાગ બ્રિજ પર વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના સૌંદર્યીકરણના ભાગરૂપે કમળની એક આકર્ષક પ્રતિમા મુકવામાં આવી હતી. જોકે, માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી દરમિયાન આ કમળની પ્રતિમા ભારે વિવાદ અને ચર્ચાનું કેન્દ્ર બની હતી.

મકરપુરા વિસ્તારના એક જાગૃત નાગરિકે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી દરમિયાન લાલબાગ બ્રિજ પર કમળની પ્રતિમા ખુલ્લી રાખવી એ ચૂંટણી આચારસંહિતાનો ભંગ છે, કારણ કે કમળ એક રાજકીય પક્ષનું ચૂંટણી પ્રતીક પણ છે. આ ફરિયાદ બાદ ચૂંટણી પંચે તાત્કાલિક એક્શન મોડમાં આવીને તંત્રને સૂચના આપી હતી અને તંત્ર દ્વારા આ પ્રતિમાને ગ્રીન નેટથી સંપૂર્ણપણે ઢાંકી દેવામાં આવી હતી.

હવે માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ ચૂકી છે અને ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતા પણ ઉઠાવી લેવામાં આવી છે. આ નિયમો હળવા થઈ ગયા હોવા છતાં લાલબાગ બ્રિજ પર આવેલી કમળની પ્રતિમા આજે પણ એ જ રીતે ગ્રીન નેટમાં લપેટાયેલી હાલતમાં જોવા મળી રહી છે.

આચારસંહિતા સમાપ્ત થયાને દિવસો વિતી ગયા હોવા છતાં મહાનગરપાલિકા કે તંત્ર દ્વારા આ કમળની પ્રતિમા પરથી નેટ દૂર કરવાની કોઈ તસ્દી લેવામાં આવી નથી. જેના કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. લોકોમાં હવે એ જ ચર્ચાએ જોર પકડ્યું છે કે તંત્ર આખરે ક્યારે ઊંઘમાંથી જાગશે અને શહેરની શોભા વધારવા મુકાયેલી આ પ્રતિમાને ક્યારે ખુલ્લી મૂકવામાં આવશે.

ગણેશોત્સવથી નવરાત્રી-દિવાળી સુધી તંત્રની તહેવારલક્ષી દોડ, નદી શુદ્ધિકરણ અને રિવરફ્રન્ટની કામગીરી સામે સવાલો

ઉત્સવોની ઝાકઝમાળ વચ્ચે વિશ્વામિત્રી પ્રોજેક્ટ ફરી 'ઠંડા બસ્તે'માં?

દર ચોમાસે પૂરનો કહેર છતાં કરોડોના પ્રોજેક્ટની પ્રગતિ અંગે સ્પષ્ટતા નહીં, નાગરિકો-પર્યાવરણપ્રેમીઓમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેર હાલ વિવિધ તહેવારો અને ઉત્સવોના રંગમાં રંગાયેલું છે. ગણેશોત્સવ બાદ નવરાત્રી અને દિવાળી જેવા મોટા પર્વોની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. એક તરફ શહેરમાં ઉત્સાહ અને ઉજવણીનો માહોલ છે, ત્યારે બીજી તરફ વડોદરાની સૌથી ગંભીર સમસ્યાઓ પૈકીના એક એવા **વિશ્વામિત્રી નદી શુદ્ધિકરણ અને રિવરફ્રન્ટ પ્રોજેક્ટ**ની કામગીરી ફરી ચર્ચામાં આવી છે. સ્થાનિક નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓમાં એવી ચર્ચા છે કે તહેવારોની ઝાકઝમાળ વચ્ચે નદીના પુનરુદ્ધારનો મહત્વનો મુદ્દો ક્યાંક પાછળ ધકેલાઈ રહ્યો છે.

વિશ્વામિત્રી નદી વડોદરા માટે માત્ર નદી નથી, પરંતુ શહેરની પર્યાવરણીય અને સામાજિક વ્યવસ્થાનો મહત્વનો હિસ્સો છે. તેમ છતાં દર વર્ષે ચોમાસા દરમિયાન નદીમાં પૂર આવતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ફરી વળે છે. અનેક પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મિલકતોને પણ મોટું નુકસાન થાય છે. પૂર બાદ તંત્ર દ્વારા નદીના પુનરુદ્ધાર, કાંઠાના વિકાસ, ગંદકી દૂર કરવા અને રિવરફ્રન્ટ સહિતની વિવિધ યોજનાઓ અંગે જાહેરાતો કરવામાં આવે છે.

જોકે, નાગરિકોનો સવાલ છે કે આ જાહેરાતો અને વાસ્તવિક કામગીરી વચ્ચેનો તફાવત ક્યારે દૂર થશે? વિશ્વામિત્રી પ્રોજેક્ટ માટે બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઈ થતી હોવા છતાં તેની કામગીરીનું જમીની સ્તરે કેટલું પરિણામ મળ્યું છે, તેની સ્પષ્ટ માહિતી સામાન્ય નાગરિકો સુધી પહોંચતી નથી. પ્રોજેક્ટની પ્રગતિ, ખર્ચ અને સમયમર્યાદા અંગે પારદર્શક વિગતો જાહેર કરવાની માગ પણ ઉઠી રહી છે.

પર્યાવરણપ્રેમીઓના મતે વિશ્વામિત્રીમાં પ્રદૂષણ, ગંદકી, દબાણો અને પૂર જેવી સમસ્યાઓ એકબીજા સાથે જોડાયેલી છે. નદીની સમસ્યાનો કાયમી ઉકેલ માત્ર બ્યુટિફિકેશનથી નહીં, પરંતુ નદીના કુદરતી પ્રવાહને જાળવી, ગંદકી અટકાવી અને પૂર વ્યવસ્થાપનને મજબૂત બનાવી જ શક્ય છે. આથી પ્રોજેક્ટને માત્ર કાગળ પર નહીં પરંતુ સમયબદ્ધ આયોજન સાથે જમીન પર ઉતારવાની જરૂર છે.

વિપક્ષો અને જાગૃત નાગરિકો દ્વારા સમયાંતરે વિશ્વામિત્રી પ્રોજેક્ટની કામગીરી અંગે સવાલો ઉઠાવવામાં આવે છે. હવે તહેવારોની તૈયારીઓ વચ્ચે ફરી આ મુદ્દો ચર્ચામાં આવતાં તંત્રએ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી બની છે. તહેવારો આવે અને જાય, પરંતુ વિશ્વામિત્રીની સમસ્યા યથાવત્ રહે તો શહેરને દર ચોમાસે તેની કિંમત ચૂકવવી પડશે.

ઉત્સવોનો ઘોંઘાટ અને નદીનું મૌન!

તહેવારોની ઉજવણી વડોદરાની પરંપરા અને સંસ્કૃતિનો મહત્વનો ભાગ છે, પરંતુ તેની આડમાં શહેરની પાયાની સમસ્યાઓ અવગણાય નહીં તે પણ એટલું જ જરૂરી છે. નાગરિકોના મત મુજબ પાલિકા તંત્ર તહેવારોની તૈયારીઓમાં જે ઝડપ અને આયોજન દર્શાવે છે, તેવી જ ગંભીરતા વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં પણ દેખાવવી જોઈએ. ઉત્સવોની રોશની વચ્ચે વિશ્વામિત્રીનું અંધારું ન રહે અને જનતાના સવાલો દબાઈ ન જાય, તે માટે તંત્રે સમયબદ્ધ કામગીરી સાથે પ્રગતિનો હિસાબ જાહેર કરવો જોઈએ.

છાણી અર્બન હેલ્થ સેન્ટરમાં વોચમેનના કથિત ઉદ્ધત વર્તનથી પરિવારજનોમાં રોષ

દર્દી સારવાર માટે પહોંચ્યો, તો કહ્યું 'ડોક્ટર ઊંઘે છે, એસએસજી લઈ જાઓ'!

૧૦૮ માટે પણ હોસ્પિટલની બહાર જઈ ફોન કરવાનું કહ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટરમાં સારવાર માટે પહોંચેલા દર્દીના પરિવારજનો સાથે વોચમેન અને સ્ટાફ દ્વારા અસંવેદનશીલ વર્તન કરવામાં આવ્યું હોવાની ફરિયાદ સામે આવી છે. ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સમયસર આરોગ્ય સેવા મળી રહે તે હેતુથી કાર્યરત સરકારી આરોગ્ય કેન્દ્રમાં જ કટોકટીના સમયે દર્દીને યોગ્ય સારવાર ન મળતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, છાણી વિસ્તારમાં એક દર્દીની તબિયત અચાનક લથડતાં પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે અર્બન હેલ્થ સેન્ટર ખાતે લઈ ગયા હતા. જોકે, પરિવારજનોના આક્ષેપ મુજબ, ત્યાં હાજર વોચમેને દર્દીની સારવાર કરાવવાને બદલે તેમને એસએસજી હોસ્પિટલ લઈ જવા જણાવ્યું હતું.

પરિવારજનોનો વધુ ગંભીર આક્ષેપ છે કે વોચમેને કહ્યું હતું કે, **'અહીંથી દર્દીને એસએસજી લઈ જાઓ, અત્યારે ડોક્ટર ઊંઘી રહ્યા છે.'** એટલું જ નહીં, દર્દીને લઈ જવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવાની હોય તો પણ હોસ્પિટલના પરિસરમાંથી ફોન ન કરવા અને બહાર જઈને ફોન કરવા જણાવાયું હોવાનો આક્ષેપ છે.

આ ઘટનાથી દર્દીના પરિવારજનો તેમજ સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. કટોકટીની સ્થિતિમાં સરકારી આરોગ્ય કેન્દ્રમાં જ જો દર્દીને સારવારના બદલે અન્ય હોસ્પિટલમાં મોકલવામાં આવે તો સામાન્ય નાગરિકે ક્યાં જવું? તેવો સવાલ ઉઠ્યો છે.

સ્થાનિકોમાં સમગ્ર મામલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસ કરી હકીકત બહાર લાવવા તથા ફરજમાં બેદરકારી સાબિત થાય તો જવાબદાર વોચમે